સંક્ષિપ્ત સમાચાર

પારડીમાં પૂરપાટ દોડતી કારે અડફેટે લેતા ૧ વર્ષના માસૂમ બાળકનું મોત

પારડી : પારડી તાલુકાના તીઘરા ગ્રામ પંચાયત નજીક દુર્ગા માતાના મંદિર સામે રોડ કિનારે માસૂમ બાળક ચંદન રમી રહ્યો હતો. તે જ સમયે ગફલતભરી અને પુરઝડપે આવી રહેલી કાર નંબર GJ 15 CQ 8831એ રમી રહેલા માસૂમ બાળકને અડફેટે લીધો હતો. અકસ્માત બાદ ગંભીર રીતે ઘવાયેલા બાળકને તુરંત વાપીની હરીયા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. મધ્યપ્રદેશના વતની અને અહીં ટાઇલ્સ બેસાડવાનું મજૂરી કામ કરતા નાહટીયા તોલીયા નિનામાના ૧ વર્ષના પુત્ર ચંદનનું કાર અકસ્માતમાં ગંભીર ઇજા થવાને કારણે મોત નિપજતા શોકનું મોજું ફરી વળ્યું હતું. પોલીસે મૃતક બાળકના પિતા નાહટીયા નિનામાની ફરિયાદના આધારે કારચાલક મહિલા ડો. શ્રીજાબેન કેયુરભાઈ પટેલ (રહે. કુંતા- વાપી) વિરુદ્ધ પારડી પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

પૂરગ્રસ્તોના આંસુ લૂછવા પત્રકારોના પત્નીઓનું ' 'સહેલી ગ્રુપ'' આગળ આવ્યું

વલસાડ : વલસાડમાં પૂરના પાણી ઓસર્યા બાદ તારાજીના જે હૃદયદ્રાવક દ્રશ્યો સામે આવ્યા, તે કોઈનું પણ કાળજું કંપાવી દે તેવા હતાં. પરંતુ, મુશ્કેલીની આ કારમી ઘડીમાં આ ખમીરવંતા વલસાડના ઘા પર મલમ લગાવવા જિલ્લા વહીવટી તંત્રની સાથે માનવતાનો અવિરત પ્રવાહ પણ વહેતો થયો છે. જેમના કલમથી લોકોના દુ:ખને વાચા મળે છે તેવા પત્રકારોના ધર્મપત્નીઓનું હૃદય પણ લોકોની આ પીડા જોઈને દ્રવી ઉઠ્યું, અને સંવેદનાસભર હૈયે તેઓએ એકત્રિત થઈ ' 'સહેલી ગ્રુપ'' બનાવી પીડિતોને હૂંફ આપવાનું બીડું ઝડપ્યું છે. આજરોજ આ ' 'સહેલી ગ્રુપ''ની મહિલાઓએ કાદવ ખૂંદીને નીચાણવાળા વિસ્તારોની મુલાકાત લીધી અને સર્વસ્વ ગુમાવી ચૂકેલા, ભૂખ્યા-તરસ્યા જરૂરિયાતમંદોને માતાજીના આશીર્વાદરૂપે કપડાં, સૂકો નાસ્તો, પીવાનું શુદ્ધ પાણી અને મહિલાઓના સ્વાસ્થ્યની વિશેષ ચિંતા કરી સેનેટરી પેડ્સનું વિતરણ કર્યું હતું. આ કપરા સમયે પત્રકાર પરિવારની મહિલાઓએ પીડિતોના આંસુ લૂછીને માનવતા, કરુણા અને માતૃત્વનું એક એવું હૃદયસ્પર્શી ઉદાહરણ પૂરું પાડ્યું છે, જેની સુવાસ વલસાડમાં હંમેશા મહેકતી રહેશે.

વાપી મનપાની શુક્રવારે સામાન્ય સભા મળશે

વાપી : વાપી મહાનગરપાલિકા દ્વારા આગામી તારીખ ૩૧ જુલાઈ ૨૦૨૬, શુક્રવારના રોજ સવારે ૧૧:૩૦ કલાકે સામાન્ય સભાની બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. મહાનગરપાલિકા હસ્તકના પદ્મભૂષણ રજ્જુભાઈ શ્રોફ ઓડિટોરીયમ ખાતે યોજાનારી આ બેઠક મેયર દક્ષાબેન રાજેશભાઈ પટેલના અધ્યક્ષપણા હેઠળ મળશે. આ સામાન્ય સભામાં મહા પાલિકાના વહીવટી અને નીતિ વિષયક મહત્વના કામોને બહાલી આપવામાં આવશે. જેમાં મુખ્યત્વે ગત તારીખ ૩૦ જૂન ૨૦૨૬ના રોજ મળેલી સામાન્ય સભાની કાર્યવાહી નોંધને સત્તાવાર બહાલી આપવામાં આવશે. આ ઉપરાંત, તારીખ ૧૦ જુલાઈ ૨૦૨૬ અને ૨૩ જુલાઈ ૨૦૨૬ના રોજ યોજાયેલી સ્થાયી સમિતિની બેઠકો દરમિયાન લેવાયેલા નિર્ણયો અને કામગીરીને પણ સભામાં બહાલી આપવામાં આવશે. આ સભામાં કલમ-૧૯ ક.(A) મુજબ કોર્પોરેશનના કોર્પોરેટરને માનદ વેતન અને ભથ્થાઓની મહત્તમ નાણાકીય મર્યાદા નક્કી કરવા અને તે અંગેના નિયમોને આખરી ઓપ આપવા અંગે ચર્ચા-વિચારણા હાથ ધરાશે.

પૂરના કારણે ઉમરગામના ઉદ્યોગોને નુકસાન થતા સરકાર પાસે રાહતની માંગણી

ઉમરગામ : વરસાદ અને પૂરના કારણે ઉમરગામમાં ઉદ્યોગોને ભારે નુકસાન થયું છે. જેને પગલે સરકાર રાહત આપે તેવી માંગણી ઉઠવા પામી છે. પ્રાપ્ત સૂત્રો પાસેથી મળતી વિગતો મુજબ ઉમરગામ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશનના માજી પ્રમુખ નરેશભાઈ બંધિયાએ સોશિયલ મીડિયાના માધ્યમથી સરકારને વિનંતી કરી એવું ધ્યાન દોર્યું છે કે ઉમરગામ તાલુકામાં રેકોર્ડ બ્રેક વરસાદ પૂરના કારણે ઉમરગામ જીઆઇડીસી ઔદ્યોગિક વિસ્તારમાં ઘણી કંપનીઓમાં પાણી ભરાવાના કારણે મશીનરી કાચો તૈયાર માલ લાખો કરોડો રૂપિયાનું નુકસાન થયું છે. ઉત્પાદન પણ ઘણા દિવસ ઠપ્પ રહેવા પામ્યુ છે. અને આના કારણે ઉદ્યોગોને ભારે નુકસાન થવા પામ્યુ છે. ત્યારે અમો સરકારનુ ધ્યાન દોરવા માંગીએ છીએ કે નુકસાન વળતર માટે ઇન્સ્યોરન્સ કંપની પાસે રજૂ કરેલા દાવાઓનો વહેલી તકે નિકાલ થાય તથા સરકાર ઉદ્યોગોને જરૂરી ટેક્સમાં નોટિફાઇડ ટેક્સમાં વિગેરે રાહત આપે અને ઉદ્યોગોને બેઠા કરવા મદદરૂપ થાય તેવી મારી સરકારને વિનંતી છે.

વાપી શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ મહેશ શાહનું પદ પરથી રાજીનામું

વાપી : વાપી શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ મહેશ એસ. શાહે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ (GPCC) ના પ્રદેશ પ્રમુખને પત્ર લખીને પોતાના પ્રમુખ પદેથી તાત્કાલિક અસરથી રાજીનામું આપવાની જાહેરાત કરી છે. તેમણે જણાવ્યા મુજબ, વધતી ઉમર તેમજ વ્યાવસાયિક અને વ્યક્તિગત જવાબદારીઓને કારણે તેઓ આ મહત્વપૂર્ણ પદ માટે જરૂરી સમય અને સમર્પણ આપી શકતા ન હોવાથી આ નિર્ણય લીધો છે. આ નિર્ણય સંપૂર્ણપણે અંગત છે અને તેમણે ભવિષ્યમાં પણ કોંગ્રેસ પક્ષના સામાન્ય કાર્યકર તરીકે સેવાઓ આપતા રહેવાની પ્રતિબદ્ધતા દર્શાવી છે.

પારડી મામલતદારમાં જમીન દફતર નિરીક્ષક કચેરી શરૂ રાહત

પારડી : પારડી તાલુકાના નાગરિકો માટે સરકાર દ્વારા એક મહત્ત્વપૂર્ણ અને સરાહનીય નિર્ણય લેવામાં આવ્યો છે. જમીન માપણી અને તેને લગતી કામગીરી માટે સ્થાનિક લોકોને પડતી મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને પારડીમાં જમીન દફતર નિરીક્ષક કચેરી કાર્યરત કરવામાં આવી છે. આ અંગે માહિતી આપતાં પારડીમાં નિમણૂંક પામેલા જમીન દફતર નિરીક્ષક સુમિત્રાબેન ચૌધરીએ જણાવ્યું હતું કે હાલમાં સરકારે ખૂબ જ સુંદર નિર્ણય લીધો છે, જેથી પારડી તાલુકાના આજુબાજુના નાગરિકોને માહિતી આપતા કહ્યું કે, પારડી મામલતદાર કચેરીમાં બીજા માળે જમીન દફતર નિરીક્ષક કચેરી ચાલુ થયેલ છે. જેથી લોકોએ વલસાડ કે વાપી સુધી જવું પડશે નહીં. જમીન માપણીને લગતી કામગીરી પારડી કચેરીએ જ કરવામાં આવશે. આ નવી કચેરી શરૂ થવાથી હવે પારડી તાલુકા અને આજુબાજુના ગ્રામજનોએ જમીન માપણી કે દફતરને લગતા કામો માટે વલસાડ અથવા વાપી સુધી ધક્કા ખાવા નહીં પડે. આ સુવિધા ઉપલબ્ધ થતાં સ્થાનિક લોકોનો સમય અને નાણાં બંનેની બચત થશે. સીટી સર્વે પ્રોપર્ટી કાર્ડ મેળવવા માટે હવે પારડીમાં જ તમામ સુવિધા મળી રહેશે.

કપરાડામાં ઝડપી રાહત કાર્ય સહિતના મુદ્દે કોંગ્રેસનું મામલતદાર, ટીડીઓને આવેદનપત્ર

વલસાડ : કપરાડા તાલુકામાં વરસાદને લઈ થયેલા નુકશાનના સર્વેમાં વિલંબ, નુકસાનીનું વળતર જલ્દી આપવા, ખેતીને થયેલા નુકશાન, વીજ પૂરવઠો સિહત વિવિધ મુદ્દે કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ વસંત પટેલની ઉપસ્થિતિ વચ્ચે કપરાડા મામલતદાર ટી.ડી.ઓ.ને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતુ. આવેદનપત્રમાં જણાવ્યા મુજબ, કપરાડા તાલુકામાં વરસેલા અતિભારે વરસાદના પગલે ખાનાખરાબી સર્જાઈ છે. ડુંગરો ધસવાથી ખેતરોના ખેતરો સાફ થતા ડાંગર સહિતના પાકો નાશ પામ્યા છે. માર્ગો ધોવાયા છે, ત્યારે સર્વેમાં થયેલા વિલંબ, સમય મર્યાદામાં સહાય આપવી, વીજપૂરવઠો નિયમિત કરવા, માર્ગો શરૂ કરવામાં વિલંબ સહિતના મુદ્દે કપરાડા તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા ઉપરોક્ત મુદ્દે તાત્કાલિક કાર્યવાહી કરવા માંગણી કરાઈ છે.

અંડરપાસની સમસ્યાને કારણે મોગરાવાડી 329 રેલવે અંડરપાસ પર ભારે વાહનો અને ટ્રાફિકનું ભારણ વધ્યું

છીપવાડ અંડરપાસમાં કાદવથી હાલાકી

છીપવાડના રેલવે અંડરપાસમાં એક મીટરથી વધુ ભયંકર દુર્ગંધ મારતા ગંદા પાણીનો નિકાલ થયો નથી

ખેરગામને જોડતા સ્મશાનભૂમિ નજીકના નીચા પુલનું રીકાર્પેટીંગ કરી અવર-જવર શરૂ કરાઈ

વલસાડ : વલસાડ ખેરગામને જોડતા સ્મશાનભૂમિ નજીકના નીચા પુલને માર્ગ મકાન વિભાગે નીચા પુલની ખરાબમાં ખરાબ હાલતને સાફ કરી રીકાર્પેટીંગ યુદ્ધના ધોરણે કરી અવર-જવર મંગળવારથી શરૂ કરાવી છે. પરંતુ એક કિલોમીટર દૂર છીપવાડના રેલવે અંડરપાસમાં એક મીટરથી વધુ ભયંકર દુર્ગંધ મારતા ગંદા પાણીનો નિકાલ થયો નથી. જેથી નાના વાહનોએ મોગરાવાડી 329 રેલવે અન્ડરપાસનો ઉપયોગ કરીને વલસાડ શહેરમાં અવરજવર કરવી પડે છે. જેની ઊંચાઈ પણ બે મીટર ઓછી થઈ જતા હવે માત્ર ઇકો પસાર થઈ શકે એવું છે. જેથી હાલમાં તેની અંદર ભારે અવર-જવર વધી ગઈ છે. આ એક કિલોમીટરમાં પણ કાદવ કીચડની જોઈએ તેવી સફાઈ નહીં થતાં દ્વિચક્રી વાહનો લપસવાના બનાવો બને છે. રેલવે અંડરપાસ 330 પહેલા ભયંકર ખરાબ હાલત રસ્તાની છે. ગુંદલાવ-સહિત 40 ગામની જનતા પૂછે છે કે, ઔરંગાપુલ પર અવરજવર શરૂ થઈ પણ અંડરપાસનું શું? ક્યારે ખુલ્લો થશે? જો વલસાડમાં બે ત્રણ ઇંચ વરસાદ પડશે એટલે એ 329- મોગરાવાડી પણ બંધ થઈ જશે ત્યારે તંત્ર દ્વારા આ મુદ્દે કાર્યવાહી કરવી જરૂરી છે.

પ્રા. શાળાની બેદરકારીથી કરંટ લાગતા બળદનું મોત

સુબીરમાં જીઈબી અને શાળા પ્રશાસને જવાબદારી સ્વીકારવાથી ઇનકાર કરી દીધો

સાપુતારા : ડાંગ જિલ્લાનાં સુબિર તાલુકાના ગારખડી ગામે આવેલી 'પ્રાથમિક શાળા ગારખડી (બરડા વર્ગ શાળા)' ખાતે તંત્રની બેદરકારીના કારણે ગરીબ ખેડૂતે બળદ ગુમાવવાનો વારો આવ્યો છે. બળદનું વીજ કરંટથી મોત થતા પરિવાર પર આભ તૂટી પડ્યું છે. મળતી માહિતી મુજબ, શાળામાં પાણીની પાઇપલાઇન નાખતી વખતે મોટરનો ઇલેક્ટ્રિક વાયર જમીનમાં દાટી દેવામાં આવ્યો હતો. ખેડૂત સોમનાથભાઈ દેશમુખનો બળદ શાળા નજીકથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે જમીનમાં દાટેલા ખુલ્લા વીજ વાયરના સંપર્કમાં આવતા કરંટ લાગ્યો હતો અને તેનું મોત નીપજ્યું હતું.

ચોમાસાની ઋતુમાં પશુનું મોત થતાં ખેડૂત ભાંગી પડ્યા છે. આ કમનસીબ ઘટના બાદ વીજ કંપની (GEB) અને શાળાના શિક્ષકોએ પોતાની ભૂલ સ્વીકારવાના બદલે જવાબદારીમાંથી છટકવાનો પ્રયાસ કર્યો હતો. તંત્રની આ ઉદાસીનતા સામે સ્થાનિક ગ્રામજનોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે. હાલમાં ખેડૂત સોમનાથભાઈને યોગ્ય ન્યાય અને આર્થિક વળતર આપવામાં આવે તેવી પ્રબળ લોકમાંગ ઉઠી છે.

વાપીમાં હોર્ડિંગ, સ્વિમિંગ પુલના ટેન્ડરના કાર્યોને મંજૂરી

ચૂંટાયેલા સભ્યોના વેતન-ભથ્થા અંગે સામાન્ય સભામાં રજૂઆત કરવાનો નિર્ણય

શહેરમાં પાણી પુરવઠા અને ડ્રેનેજ વ્યવસ્થા સુધારવા ટેન્ડર મંજૂર

વાપી : વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠક સ્થાયી સમિતિના અધ્યક્ષ સતીષભાઈ પટેલના અધ્યક્ષસ્થાને શુક્રવારે યોજાઈ હતી. બેઠકમાં મ્યુનિસિપલ કમિશનર એન. એફ. ચૌધરી, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર કિરણસિંહ રાણા તેમજ મહાનગરપાલિકાના વિવિધ વિભાગોના અધિકારીઓ હાજર રહ્યા હતા. આ બેઠકમાં મહાનગરપાલિકાના વિવિધ વિભાગોની કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. ઉપરાંત વિવિધ વિકાસલક્ષી કાર્યો, રસ્તા અને ગટરની સફાઈ તથા જાળવણી, પાણી પુરવઠા અને ડ્રેનેજ સંબંધિત કામગીરી અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. સભા સંચાલનના નિયમો તેમજ માનદવેતન અને ભથ્થા સંબંધિત નિયમોને મંજૂરી આપવામાં આવી હતી.ચૂંટાયેલા સભ્યોના વેતન અને ભથ્થા સંબંધિત મુદ્દા પર પણ સ્થાયી સમિતિમાં ચર્ચા કરવામાં આવી હતી. આ અંગે જરૂરી ભલામણ તૈયાર કરીને તેને મંજૂરી માટે આગામી સામાન્ય સભા સમક્ષ રજૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

બેઠકમાં ખાનગી હોર્ડિંગના ભાડા નક્કી કરીને તેનો અમલ કરવાની મંજૂરી આપવામાં આવી હતી. ઉપરાંત શહેરના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ અને સ્વિમિંગ પુલના સંચાલન માટે જરૂરી નિયમો તૈયાર કરીને ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો હતો. શહેરમાં પાણી પુરવઠા અને વેસ્ટ વોટર યુટિલિટીઝનું Integrated Mapping કરવા તેમજ ભૌગોલિક માહિતી પ્રણાલી (GIS) અને જીઓસ્પેશિયલ ટેક્નોલોજીના ઉપયોગથી હાલની સમસ્યાઓની ઓળખ કરીને તેના અસરકારક ઉકેલ માટે જરૂરી ટેન્ડરને મંજૂરી આપવામાં આવી હતી.આ ઉપરાંત શહેરના વિવિધ વિસ્તારોમાં પેવર બ્લોક, જાહેર બાંધકામ, રસ્તા અને ગટર સંબંધિત વિકાસકાર્યો, જાહેર સ્થળોની સફાઈ અને જાળવણી તેમજ વિવિધ મ્યુનિસિપલ મિલકતોના મેન્ટેનન્સના કામોને પણ મંજૂરી આપવામાં આવી હતી. સ્થાયી સમિતિ દ્વારા શહેરમાં સ્ટ્રીટ લાઇટ, સોલાર લાઇટ, એલઈડી લાઇટ તથા ઇલેક્ટ્રિકલ મેન્ટેનન્સ સંબંધિત કામગીરીને પણ મંજૂરી આપવામાં આવી હતી. નાગરિકોને વધુ ઝડપી, પારદર્શક અને ગુણવત્તાસભર સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે વિવિધ વહીવટી અને ટેકનિકલ નિર્ણયો લેવામાં આવ્યા હતા.

વાંસદા લોહડાઈગઢ ડુંગર પર મૂકેલા બાંકડા અસામાજિકોએ તોડી નાખ્યા

જાહેર સંપત્તિને નુકસાન પહોંચાડનાર જવાબદારો સામે કડક કાર્યવાહીની માંગ

નિલેશ કાપડિયા

વાંસદા : વાંસદાના ખડકિયા ગામે આવેલા પવિત્ર અને રમણીય લોહડાઈગઢ ડુંગર ઉપર મંદિર પરિસર નજીક દાતાઓ દ્વારા પ્રવાસીઓની સુવિધા માટે મૂકવામાં આવેલા બેસવાના બાંકડા અસામાજિક તત્ત્વોએ તોડી નાખતાં સ્થાનિકોમાં ભારે રોષ ફેલાયો છે. ઘટનાને લઈને જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે.

વાંસદા તાલુકાના ખડકિયા ગામે આવેલ લોહડાઈગઢ ડુંગર ચારેબાજુ હરિયાળા જંગલોથી ઘેરાયેલું હોવાથી અહીં કુદરતી સૌંદર્યનો આનંદ માણવા તેમજ મંદિરના દર્શન માટે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓ આવે છે. ખાસ કરીને રજાઓ દરમિયાન પરિવારો, બાળકો, યુવાનો અને વડીલોની અવરજવર વધુ રહેતી હોય છે. પ્રવાસીઓની સુવિધા માટે દાતાઓ દ્વારા મૂકવામાં આવેલા બેસવાના બાંકડા કેટલાક અસામાજિક તત્ત્વોએ તોડી નાખતાં સ્થળને નુકસાન પહોંચ્યું છે.

ઘટનાસ્થળે બાંકડાના તૂટેલા ભાગો અલગ-અલગ પડેલા જોવા મળ્યા હતા, જેને પગલે દર્શનાર્થીઓ અને સ્થાનિકોમાં ભારે નારાજગી જોવા મળી હતી. સ્થાનિક આગેવાનો અને મંદિરના સંચાલકોએ આ પ્રકારનું જાહેર સંપત્તિને નુકસાન પહોંચાડતું કૃત્ય નિંદનીય ગણાવી જવાબદાર તત્ત્વોને શોધી તેમની સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી છે. સ્થાનિકો અને પ્રવાસીઓ દ્વારા મંદિર પરિસરમાં સીસીટીવી કેમેરા, સુરક્ષા વ્યવસ્થા અને સ્વચ્છતા જાળવવા માટે જરૂરી પગલાં ભરવાની પણ માંગ કરવામાં આવી છે, જેથી ભવિષ્યમાં આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય.

આહવાની પ્રાથમિક શાળામાં અતિભારે વરસાદથી ધોવાણ

ગિરીશ ભોયે

સાપુતારા : ડાંગ જિલ્લાના આહવા તાલુકાના ચિંચલી કેન્દ્ર હેઠળ આવેલી પ્રાથમિક શાળા હનવતપાડા ખાતે ગત દિવસોમાં પડેલા અતિભારે વરસાદના કારણે નુકસાન થવા પામ્યું છે. શાળાના મુખ્ય મેદાન તેમજ સમગ્ર પરિસરમાં ધોવાણ થવા પામ્યું છે. જ્યારે શાળાના મુખ્ય ગેટ પાસે આવેલું નાળું પાણીના વહેણમાં ધોવાઈને તૂટી ગયું છે. શાળાની અંદર અવરજવર માટેનો મુખ્ય પાથ/રસ્તો ધોવાઈ જતાં પથ્થરો અને માટી બહાર આવી ગયા છે. તો ડ્રેનેજ લાઈન પણ પૂરાઈ જવા પામી છે. વરસાદી પાણીના નિકાલ માટે બનાવેલી ગટરમાં માટી, પથ્થરો અને કચરો ભરાઈ જવાથી આ ગટર પૂરાઈ ગઈ છે. રસ્તો અને નાળું તૂટી જવાથી શાળાએ અભ્યાસ અર્થે આવતા નાનાં-નાનાં બાળકો માટે અવરજવર કરવી મુશ્કેલ બનતા આ પરિસ્થિતિ અંગે હનવતપાડા પ્રાથમિક શાળાના આચાર્ય તથા શાળા પરિવાર દ્વારા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી (તાલુકા પંચાયત શિક્ષણ સમિતિ, આહવા-ડાંગ)ને લેખિત રજૂઆત કરી ફોટોગ્રાફ્સ સાથે નુકસાની અંગેની અંગેની જાણ કરવામાં આવી છે.

વાંસદાના કંડોલપાડામાં ગણપતિ આકારની કેરી દેખાતાં લોકોમાં કુતૂહલ

નિલેશ કાપડિયા

■ વાંસદા : વાંસદા તાલુકાના કંડોલપાડા ગામમાં પ્રકૃતિનું એક અનોખું દ્રશ્ય જોવા મળ્યું છે. ગામના ખેડૂત અનિલ પટેલની વાડીમાં આંબાના વૃક્ષ પર ગણપતિ બાપાના આકાર જેવી દેખાતી કેરી જોવા મળતાં સ્થાનિકોમાં ભારે કુતૂહલ જાગ્યું છે. આ કેરીના ફળમાં ભગવાન ગણેશજીની સૂંઢ, કાન અને પેટ જેવો આકાર દેખાતો હોવાનું લોકો જણાવી રહ્યા છે. આ સમાચાર ફેલાતા મોટી સંખ્યામાં કેરીના દર્શન કરી રહ્યા છે.

નવસારીમાં આરોપીને 6 માસની કેદ

નવસારી: કેસની હકીકત મુજબ, આરોપી **રાજેન્દ્ર કહકારે** મિત્રતામાં પોતાની નાણાકીય જરૂરિયાત માટે ફરિયાદી **હિતેશ બારોટ** પાસેથી હાથ ઉછીના રૂપિયા લીધા હતા. તે માટે આરોપીએ 2 લાખનો ચેક આપ્યો હતો. જોકે, ચેક પરત ફર્યો હતો. ત્યારબાદ ચુકવણી ન થતાં ચાલેલા કેસ દરમિયાન ફરિયાદી તરફથી એડવોકેટ **સુરેશ વાઘે** રજૂ કરેલી દલીલોને ગ્રાહ્ય રાખી કોર્ટે આરોપીને દોષિત ઠેરવી સજાનો હુકમ ફરમાવ્યો છે.

ગુજરાત ગ્રામીણ બેંક

GUJARAT GRAMIN BANK

Scheduled Bank Owned by Government

APPENDIX-IV

POSSESSION NOTICE

(For Immovable property/ ies)

(Rule 8(1) of the Security Interest (Enforcement) Rules, 2002)

Whereas,

The undersigned being the Authorized Officer of the Gujarat Gramin Bank under the Securitization and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest Act, 2002 and in exercise of powers conferred under section 13(12) read with Rule 3 of the Security Interest (Enforcement) Rules, 2002 issued a Demand Notice dated 14/05/2026, calling upon the Borrower Shri Mr. Sanjaybhai Dolatbhai Naik to repay the amount mentioned in the notice being Rs. 18,08,641/- (Rupees Eighteen Lakh Eight Thousand Six Hundred Forty-One Only) + Interest reversal Rs. 3,54,333.00/-) as on 30-04-2026 together with further interest thereon at the contractual rate plus costs, charges and expenses till date of payment within 60 days from the date of receipt of the said notice.

The Borrower having failed to repay the amount, notice is hereby given to the Borrower and the Public in general that the undersigned has taken possession of the property described herein below in exercise of powers conferred on him under sub-section (4) of section 13 of the Act read with Rule 8 of the Security Interest Enforcement Rules, 2002 on this the 24 day of July of the year 2026.

The Borrower/Guarantors/Mortgagors in particular and the public in general is hereby cautioned not to deal with the property and any dealings with the property/ies will be subject to the charge of Gujarat Gramin Bank for an amount of Rs. 18,08,641/- (Rupees Eighteen Lakh Eight Thousand Six Hundred Forty-One Only) + Interest reversal Rs. 3,54,333.00/-) as on 30-04-2026 and further interest thereon at the contractual rate plus costs, charges and expenses till date of payment.

The Borrower's attention is invited to provision of sub-section (8) of section 13 of the Act, in respect of time available, to redeem the secured assets.

Description of the Immovable Property

All that piece and parcel of immovable property bearing Flat No. 104, situated on the First floor of the multi-storey building named "Sanskruti Pride" Super Builup admeasuring 2325.00 sq.fts. equivalent to 216.07 Sq. Mtrs. First Floor Flat NO. 104 bearing Jamalpore Grampanchayat house No. 2195, with undivided share in the land of plot R.s. 51/1 Paiki land of North south corner, at Jamalpore, Ta. & Di. Navsari belonging to Mr. Sanjaybhai Dolatbhai Naik.

Bounded:

On the North by: Flat No. 101
On the South by: Private Land
On the East by: Flat No. 103
On the West by: Private Land

Date: 24-07-2026 **(MV Shah)**
Place: Vedchha **Authorised Officer**

નદીના રૌદ્ર સ્વરૂપથી ૧૦ ફૂટ પાણી ભરાયાં

વલસાડના કાંજણહરી ગામને જળસમાધિથી બચાવવા તંત્ર અને ગ્રામજનોનો મોટો નિર્ણય

કાકરાપાર નહેર તોડી પૂરના પાણી ડાયવર્ટ કરાયા



વલસાડ : ભારે વરસાદને કારણે ઔરંગા નદીએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરતાં વલસાડના કાંજણહરી ગામમાં ઘોડાપૂર આવ્યા હતાં. નદીના ઉપરવાસમાં થયેલા વરસાદને લીધે ધસમસતો પૂરનો પ્રવાહ ગામ તરફ ફંટાયો હતો. ગામના મહાદેવ ફળિયા અને માર્ગો ૮ થી ૧૦ ફૂટ પાણીમાં ગરકાવ થઈ ગયાં હતાં. સવારે ઘરોમાં માત્ર ૧ ફૂટ પાણી હતું, પરંતુ ગણતરીની મિનિટોમાં જ જળસ્તર એટલું વધી ગયું કે લોકોના ઘરોનો સામાન ડૂબી ગયો હતો અને લોકો ઘરની બહાર પણ નીકળી ન શકે તેવી ભયાનક સ્થિતિ સર્જાઈ હતી. પાણીના નિકાલ માટે કોઈ સીધો રસ્તો ન હોવાથી પાણી સતત વધી રહ્યું હતું અને ગામ પર ડૂબવાનું મોટું જોખમ તોળાઈ રહ્યું હતું. સ્થિતિની ગંભીરતા જોઈને ગ્રામજનોએ તાત્કાલિક ગામના સરપંચ, તલાટી તેમજ સિંચાઈ વિભાગના અધિકારીઓનો સંપર્ક કર્યો હતો. સિંચાઈ વિભાગના અધિકારીઓએ સ્થળ પર પહોંચી પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો.

આખરે ગામને જળસમાધિ અને મોટી તારાજીથી બચાવવા માટે તંત્ર, સરપંચ અને ગ્રામજનોએ ભેગા મળીને એક અત્યંત મહત્વનો નિર્ણય લીધો. ગામમાંથી પસાર થતી કાકરાપાર વિભાગની નહેરને તોડીને પૂરના પાણીને બીજી તરફ ડાયવર્ટ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતુ.

કાંજણહરી ગામ એક મોટા વિનાશમાંથી ઉગરી ગયું

સંયુક્ત સહમતિ બાદ તાત્કાલિક સ્થળ પર JCB મશીન બોલાવવામાં આવ્યું અને કાકરાપાર નહેરનો અમુક હિસ્સો તોડી પાડવામાં આવ્યો હતો. નહેર તોડતાં જ ગામમાં ભરાયેલા ઔરંગા નદીના ધસમસતા પાણીને બહાર નીકળવાનો માર્ગ મળી ગયો અને પાણી નહેરમાં થઈને આગળ ડાયવર્ટ થઈ ગયું. સિંચાઈ વિભાગના સત્તાવાર લખાણ મુજબ પણ ગામને વધુ નુકસાન અને જાનમાલની હોનારતથી બચાવવા માટે જ આ પગલું ભરવામાં આવ્યું હતું. તંત્ર અને ગ્રામજનોની આ સમયસૂચકતા અને એકતાના કારણે કાંજણહરી ગામ એક મોટા વિનાશમાંથી ઉગરી ગયું.